# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **ગાંધીનગરમાં જમીન વહીવટ અને આપત્તિ વ્યવસ્થાપન' પર આજથી બે દિવસનું રાષ્ટ્રીય સંમેલન યોજાશે.**
2. **ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી આજે ભરૂચથી માદક પદાર્થ વિરોધી કાર્યદળ- ANTFનો શુભારંભ કરાવશે.**
3. **અસત્ય પર સત્યના વિજય સમા દશેરા- વિજયા દશમી પર્વની રાજ્ય સહિત દેશભરમાં ઉજવણી કરવામાં આવી.**
4. **રાજ્યમાં ચોમાસું અંતિમ તબક્કામાં , છેલ્લા 24 કલાકમાં 123 તાલુકામાં વરસાદ નોંધાયો.**
5. **એશિયન એકવેટિક્સ ચેમ્પિયનશીપમાં 13 ચંદ્રક સાથે ભારતનું અત્યાર સુધીનું સૌથી સફળ પ્રદર્શન.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GANDHINAGAR CONFERENCE

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે જમીન વહીવટ અને આપત્તિ વ્યવસ્થાપન' પર આજથી બે દિવસનું રાષ્ટ્રીય સંમેલન યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાનાર આ સંમેલનમાં કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પણ ઉપસ્થિત રહેશે. સાંભળીએ એક અહેવાલ..

## ( વોઇસ કાસ્ટ : સંસ્કૃતિ ભૂંડિયા)

*આ બે દિવસીય સંમેલનમાં જમીન રેકોર્ડનું આધુનિકીકરણ, નવી ટેક્નોલોજીનો ઉપયોગ અને નાગરિકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે તજજ્ઞો દ્વારા અધિકારી-કર્મચારીઓને વિસ્તૃતમાં માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવશે. આ ઉપરાંત નવી મહેસૂલી કચેરીઓ-રહેઠાણોનું ઉદ્ઘાટન, નવી યોજનાઓનું પ્રદર્શન, રેવન્યુ ડાયરીનું વિમોચન, સેન્ટર ઓફ એક્સેલન્સ માટે શૈક્ષણિક સંસ્થાઓ સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર તેમજ વિચરતી જાતિઓના પરિવારોને સ્વામિત્વ કાર્ડ, સુરક્ષા કિટ અને રહેણાંક પ્લોટની સનદનું પણ વિતરણ કરાશે. આ ઉપરાંત આપત્તિ વ્યવસ્થાપનમાં શ્રેષ્ઠ કામગીરી, આધુનિક જમીન વહીવટ માટે માનવ સંસાધન આયોજન જેવા વિવિધ વિષયો પર પેનલ ડિસ્કશન કરાશે.*

સંસ્કૃતિ ભૂંડિયા પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ

---

# HARSH SANGHVI BHARUCH

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી આજે ભરુચ ખાતે માદક પદાર્થ વિરોધી કાર્યદળ-ANTFનો શુભારંભ કરાવશે.

ગાંધીનગરમાં મુખ્ય મથક અને 6 ઝોનલ કચેરી સાથેની આ દળમાં 213 જેટલા તાલીમબદ્ધ અધિકારીઓ-કર્મચારીઓ માદક પદાર્થના ગુનાઓ પર જ ધ્યાન કેન્દ્રિત કરશે.

રાજ્ય સરકારના પ્રો-એક્ટિવ પોલીસિંગના અભિગમ હેઠળ ચાલી રહેલા 'મેન્ટર પ્રોજેક્ટ' ને વધુ સઘન બનાવવાની જાહેરાત કરાશે, જે અંતર્ગત જામીન પર છૂટેલા 2640 જેટલા માદક પદાર્થના આરોપીઓ પર 1978 પોલીસ મેન્ટર દ્વારા નજર રાખવામાં આવી રહી છે.

આ ઉપરાંત કેન્દ્ર સરકારની 'માનસ' હેલ્પલાઇન નંબર 1933ને રાજ્યમાં વધુ અસરકારક બનાવવાની સાથે , તેના પર આવતી માહિતી સીધી જ મંત્રીના કાર્યાલયને મળે તેવી નવી સિસ્ટમની પણ જાહેરાત કરાશે.

દરમિયાન ગુજરાત પોલીસ દ્વારા જુદા-જુદા 442 ગુનાઓમાં જપ્ત કરાયેલા 381 કરોડ રૂપિયાથી વધુની કિંમતના 8 હજાર કિલોગ્રામથી વધુના માદક પદાર્થના જથ્થાનો પણ નાશ કરાશે. આ કાર્યક્રમમાં માદક પદાર્થ સામેની લડતમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર પોલીસ જવાનોને પણ બિરદાવાશે.

---

## HARSH SANGHVI RAJKOT

આજે રાજકોટના લોધિકા ખાતે નવ નિર્મિત બસ સ્ટેશનનું લોકાર્પણ રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી, જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયા અને મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે કરાશે.

આ કાર્યક્રમમાં સાંસદ પરસોત્તમ રૂપાલા તથા ધારાસભ્ય ગીતાબા જાડેજાની સાથે લોકલ પ્રતિનિધિઓ પણ હાજર રહેશે.

---

## DUSSEHRA

અસત્ય પર સત્યના વિજય સમા દશેરા- વિજયા  દશમી પર્વની રાજ્ય સહિત દેશભરમાં ઉજવણી કરવામાં આવી.

રાજ્યમાં અનેક સ્થળોએ રાવણ      દહન,  શસ્ત્ર  પૂજન સહિતના કાર્યક્રમો યોજાયા. ગાંધીનગરમાં યોજાયેલા     રાવણદહન અને રામલીલા કાર્યક્રમમાં 20 હજારથી વધુ લોકો હાજર રહ્યા હતા.

પંચમહાલ જિલ્લામાં રાવણ દહન, શસ્ત્ર પૂજન ઉપરાંત ભવાઈ  સહિતના કાર્યક્રમો યોજાયા. કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના પોલીસ મુખ્યાલય ખાતે શસ્ત્રપૂજા કરવામાં આવી.

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે વિજયા દશમી       ની  હર્ષોલ્લાસ સાથે  ઉજવાયો હતો. જેમાં  લોકો મોટી સંખ્યામાં રામ અને     હનુમાન મંદિરમાં જઈને પુજા અરચના કરી હતી. રામની વેશભૂષા ધારણ કરેલા બાળકે  રાવણ દહન કર્યું હતું.

---

## BJP ELECTION

ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને રાષ્ટ્રીય પરિષદના  સભ્યોની ચૂંટણી અંતર્ગત ગાંધીનગર સ્થિત પ્રદેશ કાર્યાલય કમલમ્     ખાતે આજે સવારે 11થી 2 કલાક

દરમિયાન ઉમેદવારી પત્રો ભરી શકાશે. ત્યાર બાદ બપોરે 3થી 4 કલાક દરમિયાન ઉમેદવારી પત્રોની ચકાસણી કરાશે.

જ્યારે 5થી સાડા પાંચ દરમિયાન ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે. આવતીકાલે યોજાનાર મતદાન પ્રક્રિયામાં 292 સભ્યો મતદાન કરશે અને ત્યારબાદ મત ગણતરી હાથ ધરાશે.

---

## WEATHER FORECAST

રાજ્યમાં ચોમાસું હાલ તેના અંતિમ તબક્કામાં છે.        છેલ્લા 24 કલાકમાં રાજ્યના 123 તાલુકામાં વરસાદ પડ્યો છે. જૂનાગઢનાં વંથલીમાં સૌથી વધુ સાડા ત્રણ ઇંચ વરસાદ પડ્યો. જ્યારે સુરેન્દ્રનગરના ચોટીલામાં પણ ત્રણ ઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

વરસાદને કારણે રાજ્યના 152 જળાશય હાઇએલર્ટ પર છે. જ્યારે 13 જળાશય એલર્ટ પર છે રાજયમાં મોસમનો કુલ સરેરાશ 116 ટકાથી વધુ વરસાદ વરસ્યો છે.

જોકે આગામી 3 દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યુ હતું.

**(બાઇટ : પ્રદીપ શર્મા – વૈજ્ઞાનિક, હવામાન વિભાગ)**

---

# PANCHMAHAL DEMOLITION

પંચમહાલના ગોધરામાં અસામાજિક તત્વોના ગેરકાયદેસરના દબાણો હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. ચોરી , પશુ ચોરી અને રેલવે લૂંટના ગુનામાં અત્યાર સુધી આઠ આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

ત્યારે આ આરોપીઓના ગેરકાયદેસરના દબાણો દૂર કરવામાં આવ્યા હોવાનું જિલ્લા પોલીસ વડા હરેશ દુધાતે જણાવ્યુ હતું.

**(બાઇટ : હરેશ દુધાત, SP )**

---

# GST REVIEW

કેન્દ્ર સરકારે વસ્તુ અને સેવા કર-GSTના દરમાં કરેલા ઘટાડાને કારણે સુરેન્દ્રનગરમાં ટુ વ્હીલરની ખરીદીમાં વધારો થઈ રહ્યો છે. સાથે જ ટુ વ્હીલર ખરીદનાર ગ્રાહકે GST ઘટાડા અંગે પ્રતિભાવ આપતા જણાવ્યુ કે સરકારના નિર્ણયથી ગ્રાહકો અને દુકાનદારોને લાભ થઈ રહ્યો છે.

**(બાઇટ : ગ્રાહક)**

---

# GANDHI JAYANTI-SWACHCHTA HI SEWA

ગાંધી જયંતિ નિમિત્તે ગઇકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના થલતેજ વિસ્તારમાંથી ખાદીની ખરીદી કરીને ખાદી ફોર નેશન,ખાદી ફોર ફેશનની પહેલમાં સહભાગી થયા હતા.

બીજી તરફ સુરેન્દ્રનગરમાં નાયબ મુખ્ય દંડક અને વઢવાણના ધારાસભ્ય જગદીશ  મકવાણાની અધ્યક્ષતામાં ગાંધી જયંતી અને સ્વચ્છતા હી સેવાની ઉજવણીના ભાગરૂપે સફાઈ મિત્ર સુરક્ષા શિબિર યોજાઇ. આ પ્રસંગે

સ્વચ્છ ભારત મિશનના 5 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કામોનું ઈ-ખાતમૂહૂર્ત કરાયું.   જ્યારે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ ખાતે   “સ્વચ્છતા હી સેવા” તથા “સ્વચ્છતા પખવાડિયું – 2025” નો સમાપન સમારોહ યોજાયો.

આ પ્રસંગે વૃક્ષારોપણ તથા ચિત્રકલા સ્પર્ધામાં વિજેતા બાળકોને પુરસ્કાર વિતરણ પણ કરવામાં આવ્યું.

---

## ASIAN AQUATICS CHAMPIONSHIP

અમદાવાદના વીર સાવરકર રમતગમત સંકુલમાં ચાલી રહેલી એશિયન એકવેટિક્સ ચેમ્પિયનશીપમાં સ્વિમિંગ અને ડાઈવિંગમાં ભારતે 13 ચંદ્રક જીત્યા છે. આ સ્પર્ધામાં કુલ 48 ચંદ્રક સાથે ચીને પ્રભુત્વ જાળવી રાખ્યું.

ભારત માટે ભવ્યા સચદેવ , સાજન પ્રકાશ, શ્રીહરિ નટરાજ અને મેન્સ રિલે ટીમે અંતિમ દિવસે ચાર કાંસ્ય ચંદ્રક જીત્યા. ભારતના કુલ 13 ચંદ્રકમાં ચાર રજત અને નવ કાંસ્ય ચંદ્રક સામેલ છે. એશિયન એકવેટિક્સમાં ભારતનું અત્યાર સુધીનું સૌથી સફળ પ્રદર્શન રહ્યું છે.

---

# CRICKET -IND VS WI

ભારત આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે બે મેચની શ્રેણીની પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચમાં વેસ્ટ ઇન્ડીઝ સામે બે વિકેટે 121 રનના સ્કોરથી પોતાનો પહેલો દાવ ફરી શરૂ કરશે.

ગઈકાલે પ્રથમ દિવસની રમત સમાપ્ત થઈ ત્યારે કે.એલ રાહુલ 53 અને શુભમન ગિલ 18 રન પર રમી રહ્યા હતા જ્યારે યશસ્વી જયસ્વાલે 36 રન બનાવ્યા હતા.

આ પહેલા, પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેતા , વેસ્ટ ઈંડિઝની ટિમ પ્રથમ દાવમાં 162 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી મોહમ્મદ સિરાજે 4 જ્યારે જસપ્રીત બુમરાએ 3 વિકેટ લીધી હતી.

---